# Shri Govind Guru University
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

भारत 2023 INDIA

वसुधैव कुटुम्बकम्
ONE EARTH • ONE FAMILY • ONE FUTURE

નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૩/૬૫૯૩ તા.૨૦/૦૯/૨૦૨૩

**પરિપત્ર-૩૧૭૪**

સંદર્ભ : આ યુનિવર્સિટીનો તા.૨૯/૦૮/૨૦૨૩ નો પરિપત્ર-૩૧૪૮

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓને જણાવવાનું કે, આપના ભવન, કોલેજ અથવા માન્ય અનુસ્નાતક કેન્દ્રમાં સેમેસ્ટર-૩ અને સેમેસ્ટર-૫ માં અભ્યાસ કરતા રેગ્યુલર અને રીપીટર વિદ્યાર્થીઓની રેગ્યુલર તથા પાર્ટ એક્ઝામના પરીક્ષા આવેદન પત્રો ભરવાનો અને યુનિવર્સિટી ખાતે જમા કરાવવાનો કાર્યક્રમ સંદર્ભ દર્શિત પરિપત્રથી જાહેર કરવામાં આવેલ હતો. માન. કુલપતિશ્રીના માર્ગદર્શન અનુસાર આ તારીખોમાં નીચે મુજબ વધારો કરવામાં આવે છે. જે ધ્યાને લઈ નીચે દર્શાવેલ સૂચનાઓ અને તારીખ મુજબ પરીક્ષા આવેદન પત્રો ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફક્ત રૂબરૂમાં જમા કરાવવા જરૂરી કાર્યવાહી કરવા વિનંતી.

| Sr. | Examination | Semester | Fees | | | | Last Date to Submit Exam Form With Regular Fees |
|---|---|---|---|---|---|---|---|
| | | | Exam Fees | Practical Fees | Form Fees | Total Fees | |
| 1. | B. A | 5 | 240 | 55 | 25 | 320 | 26/09/2023 |
| 2. | B.Com. | 5 | 240 | 0 | 25 | 265 | 26/09/2023 |
| 3. | B.SC. | 5 | 240 | 165 | 25 | 430 | 26/09/2023 |
| 4. | M.A. | 3 | 570 | 220 | 25 | 815 | 26/09/2023 |
| 5. | M.Com. | 3 | 570 | 0 | 25 | 595 | 26/09/2023 |
| 6. | M.Sc. | 3 | 570 | 220 | 25 | 815 | 26/09/2023 |

પરીક્ષા આવેદનપત્ર ભરવા અને યુનિવર્સિટી કાર્યાલય ખાતે જમા કરાવવા સંબંધિત સૂચનાઓ :

(૧) સંબંધિત કોલેજોએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના પોર્ટલ પર તેમને ફાળવેલ યુઝર આઈ.ડી. દ્વારા લોગીન થઈ ABC ID એન્ટર કરી પરીક્ષા આવેદનપત્ર ઓનલાઈન ભરી, વેરીફાઈ કરી તેની પ્રિન્ટઆઉટ લેવાની રહેશે.

(૨) **સંબંધિત કોલેજોએ પરીક્ષા આવેદનપત્રમાં વિદ્યાર્થીની જવાબની ભાષા ખાસ તકેદારી રાખી સિલેક્ટ કરવાની રહેશે. પ્રશ્નપત્રોની ગુજરાતી અને અંગ્રેજી ભાષાની નકલો ફક્ત એ મુજબ જ મોકલવામાં આવશે.** (જે અભ્યાસક્રમો/વિષયોમાં માત્ર એક ભાષામાં જ પ્રશ્નપત્રો આવતા હોય તેમને આ બાબત લાગુ પડશે નહી.)

(૩) પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ લઈ તમામ વિગતોની સંબંધિત વિદ્યાર્થી પાસે ખરાઈ કરાવી તેમાં તેની સહી કરાવવાની રહેશે.

(૪) વિદ્યાર્થીએ સહી કરેલ પરીક્ષા આવેદનપત્રની પ્રિન્ટઆઉટ પર સંબંધિત કૉલેજના આચાર્યશ્રીએ ખરાઈ કરી પોતાની સહી અને સિક્કા કરવાના રહેશે.

(૫) પરીક્ષા આવેદન પત્રની જરૂરી ફી પોર્ટલમાં વેરીફાઈડ કરેલ ફોર્મના આધારે સોફ્ટવેર દ્વારા દર્શાવેલ રકમ પોર્ટલમાં દર્શાવેલ ડીજીટલ ગેટવે અથવા શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી એક્ઝામિનેશન, ગોધરાના એક્સીસ બેંકના ખાતા નં.918010086166147 (IFSC CODE: UTIB0000264 MICR: 389211002) માં NEFT/RTGS થી ભરવાની રહેશે.

(૬) આચાર્યશ્રી/કો-ઓર્ડીનેટરશ્રી અને વિદ્યાર્થી દ્વારા ખરાઈ થયેલ પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ, નિયત પરીક્ષા ફી ની ઓનલાઈન જનરેટ થયેલ રીસીપ્ટની નકલ/ફી ભર્યાની રીસીપ્ટ તેમજ રીપોર્ટ મોડ્યુલમાંથી જનરેટ થયેલ ચેકલીસ્ટ રીપોર્ટ યુનિવર્સિટી કાર્યાલયમાં ૨ (બે) કોપીમાં તા.૦૫/૧૦/૨૦૨૩ સુધીમાં ફક્ત રૂબરૂમાં જમા કરાવવાનો રહેશે. (રજી./સ્પીડ પોસ્ટ/કુરિયર કરવું નહી) (પરીક્ષા આવેદનપત્રની હાર્ડકોપી યુનિવર્સિટીમાં જમા કરાવવાની નથી)

| **રૂ. ૧૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ** | **રૂ. ૨૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર ભરવાની તારીખ** | **રૂ. ૫૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ** | **રૂ. ૧૦૦૦/- લેઈટ ફી સાથે પરીક્ષા આવેદન પત્ર સ્વીકારવાની તારીખ** |
|---|---|---|---|
| રેગ્યુલર ફી + રૂ. ૧૦૦/- તા.૨૭/૯/૨૦૨૩ | રેગ્યુલર ફી + રૂ. ૨૦૦/- તા.૨૯/૦૯/૨૦૨૩ | રેગ્યુલર ફી + રૂ. ૫૦૦/- તા.30/0૯/૨૦૨૩ | રેગ્યુલર ફી + રૂ. ૧૦૦૦/- તા.03/૧૦/૨૦૨૩ |

(૭) યુનિવર્સિટી ખાતે પરીક્ષા આવેદનપત્રનું ચેકલીસ્ટ અને ફી મોકલતા અગાઉ તમામ પ્રકારની ચકાસણી કરી લેવી જેથી બાદમાં સુધારા-વધારા કરવાં માટેની કોઈ કાર્યવાહી કરવી પડે નહિ. અધુરી કે ખોટી વિગતોવાળા આવેદનપત્રોના કારણે વિદ્યાર્થીના નામમાં, વિષયમાં, ફોટામાં કે અન્ય કોઈ બાબતમાં ક્ષતિ જણાશે તો તે અંગે યુનિવર્સિટીની કોઈ જવાબદારી રહેશે નહિ.

(૮) કોલેજોએ કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓને યુનિવર્સિટી કાર્યાલય ખાતે ફોર્મ જમા કરાવવા મોકલવા નહિ, જેની ખાસ નોંધ લેવી.

નોંધ:

- ABC ID વિના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે નહી.
- કોલેજે પોતાના યુઝર આઈ.ડી. પાસવર્ડ દ્વારા પ્રિ-એક્ઝામિનેશન મોડ્યુઅલમાં એકઝામિનેશન ફોર્મમાં જઈ એક-એક વિદ્યાર્થીનું પરીક્ષા ફોર્મ ભરવાનું રહેશે. એક્ઝામિનેશન ફોર્મ બલ્કમાં સેવ થઈ શકશે નહી.

**Shri Govind Guru University**
(Established Vide Gujarat Act No. 24/2015)
**શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી**
(ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)

- જે વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીમાંથી FAEC મેળવ્યું નહી હોય તેવા વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્રો ભરી શકાશે નહી. FAEC મેળવ્યા બાદ જ સંબંધિત વિદ્યાર્થીઓના પરીક્ષા આવેદન પત્ર ભરી શકાશે.
- બી.એ. અભ્યાસક્રમમાં જે વિષયમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૩૨૦/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૨૬૫/- લેવાની રહેશે.
- એમ.એ. અભ્યાસક્રમમાં જે વિષયમાં પ્રાયોગિક પરીક્ષા લેવામાં આવતી હોય તે વિષયો માટે વિદ્યાર્થી દીઠ દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૮૧૫/- તથા પ્રાયોગિક કાર્ય સિવાયના વિષયો માટે વિદ્યાર્થી દીઠ કુલ પરીક્ષા આવેદન ફી રૂ. ૫૯૫/- લેવાની રહેશે.
- પોર્ટલમાં દર્શાવેલ પરીક્ષા આવેદન ફીની કુલ રકમ વિદ્યાર્થી દીઠ રૂ. ૪.૫૦/- કપાત કરીને ગણતરીમાં લીધેલ હોય પોર્ટલમાં દર્શાવ્યા મુજબની પૂરી ફી ભરવી.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી,
વિંઝોલ (ગોધરા)

બિડાણ : પરીક્ષા આવેદન પત્ર ભરવાની માર્ગદર્શિકા

પ્રતિ,
- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના વિવિધ ભવનોના પ્રોફેસરશ્રીઓ/કો-ઓર્ડીનેટરશ્રીઓ, વિજ્ઞાન, વિનયન અને વાણિજ્ય વિદ્યાશાખાના સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમો ચલાવતી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ, માન્ય અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઈન્ચાર્જશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.